PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૫/કવા–૦૩/૧૮–૧૯/ 1111-2 તા. 31-12-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,

મોહનભાઈ બાબાભાઈ પાંભર,

મકાન નુ નામ રાધેશ્યામ

પટેલ નગર મેઇન રોડ, 40 ફુટ ધરમ નગર રોડ

ક્રિષ્ના પાર્ક પાછળ મવડી પ્લોટ રાજકોટ

મો: 8511113938

**વિષય :–વીજ બીલ બાબત**

**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૯–૧૧–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૬૫/કવા–૦૩/૧૮–૧૯ )**

**શ્રીમાન,**

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

**જે આપને સુવિદીત થાય. આભાર સહ.,**

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)

કા.વા. કન્વીનર

ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

**બિડાણ : ઉપર મુજબ**

**નકલ રવાના :**

**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ**

**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ**

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

**(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, નાના મૌવા, પેટા વિભાગીય કચેરી રાજકોટ**

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૬૫/કવા–૦૩/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૧૮–૧૨–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: મોહનભાઈ બાબાભાઈ પાંભર, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ નથી.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : નાના મૌવા, પેટા વિભાગીય કચેરી રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)**

**રજુઆત કરનાર :એચ.બી.પરમાર – કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ**

## : હુકમ :

## ફરીયાદ : વીજ બીલ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર **મોહનભાઈ બાબાભાઈ** પાંભર, ગામ:રાજકોટ તેઓની અરજી ના નોંધણી નંબર :૬૫/કવા–૦૩/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓનુ સરેરાશ વીજવપરાશ ૨૦૦ થી ૨૫૦ યુનીટ આવતુ હોય – પરંતુ, માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૮ મા ૩૨૬૮ યુનીટ નુ વીજબીલ આવેલ છે, જે કોઈપણ સંજોગોમા આવી શકે નહી, જેથી સદર બીલ રદ કરવા – તેમજ વીજવપરાશ મુજબ નુ વીજબીલ આપવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી નાનામવા સબ ડીવીઝનના ગ્રાહક નંબર:૮૯૬૦૮૩૦૫૩૭૨ માં માહે-સપ્ટેમ્બર-ઓક્ટોબર-૧૮ નું વીજ બીલ વધારે આવવા બાબત અરજદાર શ્રી મોહનભાઈ બાબાભાઈ પાંભર દ્વારા ફરિયાદ કરેલ છે. સદર ગ્રાહક શ્રી નો માસિક વપરાશ આશરે ૩૫૦ થી ૭૦૦ યુનિટ સુધી નો માલુમ પડે છે ઉપરાંત ગ્રાહક શ્રી ને આપેલ સપ્ટે-ઓક્ટો-૧૮ ના બીલ બાબતે ગ્રાહક શ્રી દ્વારા સબ ડીવીઝન ને જાણકારી આપેલ નથી આમ છતાં નાનામવા સબ ડીવીઝન દ્વારા સ્થળ તપાસ પરથી મીટર બદલાવી વિશેષ ચકાસણી અર્થે મીટર ને લેબોરેટરી માં મોકલી આપવામાં આવેલ હતું અને ગ્રાહક શ્રી ની હાજરી માં મીટર ની ચકાસણી કરવામાં આવેલ જેમાં રીડીંગ ૪૬૩૧ માલુમ પડેલ હતા. જ્યારે માહે સપ્ટે-ઓક્ટો-૧૮ નું બીલ ૪૫૯૫-૧૩૨૭=૩૨૬૮ યુનિટ ને ધ્યાન માં લઇ ને જ રૂ.૨૪૮૭૮.૭૭ નું બીલ આપવામાં આવેલ છે જે બીલ ગ્રાહક દ્વારા કરેલ વપરાશ ને ધ્યાન માં લઇ ને મીટર માં રેકર્ડ કરવામાં આવેલ રીડીંગ મુજબ જ આપવામાં આવેલ છે જે ગ્રાહક શ્રી ને ભરવા પાત્ર થાય છે જે બીલ ની રકમ ગ્રાહક શ્રી દ્વારા તા.૧૭.૧૨.૧૮ ના રોજ રસીદ નંબર-૧૪૯૭૩૭ થી ભરી આપેલ જેથી ગ્રાહક ની ફરિયાદ નું સમાધાન થતા સમાધાન પુરશીસ ભરેલ છે જે આ સાથે સામેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **૩.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદારે રાજીખુશી થી, સદર વિષય સબંધક, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતેનો, તા. તા.૧૭.૧૨.૧૮ નો લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનુ રહેતુ ન હોય, અરજદાર ની અરજી દફતરે કરવી, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ** લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.